


૩૫-ગાંધીનગર દક્ષિણ વિધાનસભાના કોંગ્રેસના ઉમેદવાર

## જુગાજી નાથાજી ઠાકોર

# અસરગ્રસ્ત ખેડૂતોના હમદર્દ અને અજાત શત્રુ જુગાજી ઠાકોર

ગાંધીનગરના ગોંદરે આવેલ ઈન્દ્રોડાના વતની અને અસરગ્રસ્ત ખેડૂત હોવાને નાતે યૌવનકાળથી જ અન્યાયનો ભોગ બનેલા જુગાજી નાથાજી ઠાકોર ખેડૂતો, ખેતમજુરો, કારીગર વર્ગ સહિત વિવિધ વર્ગોના લોકોની સમસ્યાઓથી સંપૂર્ણ માહિતગાર છે. આ વર્ગને ન્યાય અપાવવા માટે તેમણે વિવિધ તબક્કે આંદોલનો કરેલા છે. સૌને સાથે રાખીને ચાલવાના અભિગમથી સામાન્ય જનતાના હૃદયમાં આગવી પ્રતિભા ઉભી કરી શકયા છે. લોક ફરિયાદ નિવારણ માટે તેમના દ્વાર હંમેશાં ખુલ્લા હોય છે. ૧૯૬૫થી કોંગ્રેસના રંગે રંગાઈ આજદિન સુધી આ પક્ષને વફાદાર રહ્યા છે પરિણામે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ તેમજ ગાંધીનગર તાલુકા કોંગ્રેસના પ્રમુખ પદે સેવા-કરવાની તેમને તક મળી છે. જે નિષ્ઠાપૂર્વક બજાવી છે. ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં જમીન ગુમાવનાર અસરગ્રસ્ત ખેડૂતોનાં મંડળમાં મહામંત્રી તરીકે સક્રીય ભૂમિકા ભજવી ખેડૂતોને ન્યાય અપાવવા હંમેશાં પ્રયત્નશીલ રહ્યાં છે. ધરતીના માનવી હોવાથી ધરતીપુત્રોની વેદના સારી રીતે સમજી શકે છે. પોતાના સમાજના પ્રમુખ તરીકે પણ સામાજિક ક્રાંતિકારી કદમો દ્વારા અજબ લોકચાહના પ્રાપ્ત કરી શક્યા છે. જેમાં વ્યસન મુક્તિ, સામાજિક કુરિવાજો, દહેજ પ્રથા નાબુદી, શૈક્ષણિક, જાગૃતિ અભિયાન તથા બાળલગ્ન વિરોધી ઝુંબેશ ચલાવી સમાજમાં ક્રાંતિકારી પરિવર્તન લાવી શક્યા છે. સમાજના સંગઠનને મજબૂત કરવામાં વિશેષ ભૂમિકા અદા કરી શક્યા છે. સમાજના ૫૦૦ જેટલા યુગલોને પ્રભુતાના પગલાં પડાવી સમુહ લગ્નના મહત્ત્વનો સૌ સમજી શકે તેવું વાતાવરણ ઊભું કરી સમાજમાં નવચેતનાનો સંચાર કરી શક્યા છે. સામાજિક પ્રવૃત્તિ ઉપરાંત સહકારી પ્રવૃત્તિમાં પણ તેમનું વિશેષ યોગદાન રહ્યું છે ગાંધીનગર જિલ્લાની ખાદી ગ્રામોદ્યોગ સહકારી મંડળીના ઉપપ્રમુખ તરીકે ખાદીને પ્રોત્સાહન ઉપરાંત લોકોને રોજગારી આપવાનો વિશેષ અભિગમ અપનાવ્યો છે. ઉપરાંત સહકારી દૂધ મંડળીઓની રચટના કરી શ્વેતક્રાંતિના ભાગીદાર બન્યા છે.



રાષ્ટ્રીય કક્ષાએ ઑલ ઈન્ડિયાના હૅન્ડલુમ બોર્ડના ડિરેકટર તરીકે ત્રણ વર્ષ સેવાઓ આપી ગાંધીનગર જિલ્લાનું પ્રતિનિધિત્વ કરેલ છે. શ્રી જુગાજી ઠાકોરની વિવિધ ક્ષેત્રની સક્રિય કામગીરીથી વિશાળ ચાહક વર્ગ ઉભો કરી શક્યા છે. ગાંધીનગર જિલ્લામાં યોજાતી લોક અદાલતોમાં સમાધાન પંચ તરીકે બિન વિવાદાસ્પદ પ્રસંશનીય કામગીરી કરેલ છે. રાજયના સ્થાપના કાળ સમયે 'પોલિસ પટેલ'ની કામગીરી પણ સુપેરે નીભાવી છે. ૩૫ - ગાંધીનગર દક્ષિણ વિધાનસભા બેઠકના ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ઉમેદવાર તરીકે તેમની પસંદગી થતાં તેમનો વિશાળ ચાહક વર્ગ તેમની સેવાભાવી, પ્રમાણિક અને નિષ્ઠાભરી કામગીરીનું ઋણ ચુકવવા સક્રીય બન્યો છે. ગ્રામ્ય વિસ્તારનો તેમનો જીવંત સંપર્ક ચૂંટણીમાં રંગ લાવશે તેમ તેમના મિત્ર વર્તુળમાં ચર્ચાઈ રહ્યું છે. ઉમેદવારમાં તેમનો ક્રમાંક અ.નં.૧ છે.

# સુરતમાં પીરઝાદા અને ગિલિટવાળા વચ્ચે સીધી સ્પર્ધા

## કોંગ્રસનું સુરત પૂર્વની બેઠક પર સંપૂર્ણ ધ્યાન કેન્દ્રીત : સુરતમાં બધી ૧૨ વિધાનસભા માટેની બેઠક પર પોતાના ઉમેદવાર ઉતાર્યા હોવા છતાં સુરત પૂર્વ ઉપર વિશેષ ધ્યાન

સુરત, તા.૮

સુરત શહેરમાં તમામ ૧૨ વિધાનસભા બેઠક ઉપર કોંગ્રેસ પાર્ટી ચૂંટણી લડનાર છે પરંતુ તેના નેતાઓ અને કાર્યકરોનું મુખ્ય ધ્યાન સુરત પૂર્વ બેઠક ઉપર કેન્દ્રીત થઈ ગયું છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને એઆઈસીસીના સભ્ય કાદિર પીરઝાદા ભાજપના શક્તિશાળી નેતા રણજીત ગિલિટવાળા સામે મેદાનમાં છે. ભૂતપૂર્વ મેયર ગિલિટવાળા ૨૦૦૭માં પ્રથમ વખત જ આ વિધાનસભા માટે ચૂંટાઈ આવ્યા હતા પરંતુ જીતનું અંતર ૧૯૦૦ મતની આસપાસનું હતું. આ મત વિસ્તારમાં ૧.૯૫ લાખ મતદારો છે જે પૈકી ૭૮૦૦૦ મુસ્લિમો છે. આશ્ચર્યજનક બાબત એ છે કે કોંગ્રેસે સુરત પૂર્વમાંથી પ્રથમ વખત લઘુમતી ઉમેદવારને મેદાનમાં ઉતાર્યા છે. છેલ્લી પાંચ વિધાનસભાની ચૂંટણીમાં પ્રથમ વખત મુસ્લિમ ઉમેદવારને મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. રાણા, ખત્રી અને મોડવાનીક સમુદાયના લોકો અહીં વધારે જોવા મળે છે. આ ઉપરાંત જૈન સમુદાયના પણ લોકો છે. આ સમુદાયના મતદારોની સંખ્યા ૧.૦૮ લાખ જેટલી છે. સુરત પૂર્વના ઈતિહાસ ઉપર નજર કરવામાં આવે તો લઘુમતી મતોના વિભાજનથી ભાજપની જીત થઈ છે. છેલ્લી ચાર વિધાનસભાની ચૂંટણી પૈકી ત્રણમાં ભાજપની જીત થઈ છે. ચાર લઘુમતી અપક્ષોની હાજરીમાં અહીં પરિણામો ઉપર અસર થઈ છે. ઉપરાંત બહુજન સમાજપાર્ટી અને નાના પક્ષોના ઉમેદવાર પણ મેદાનમાં રહે છે. ૨૦૦૨માં કોંગ્રેસના ઉમેદવાર મનીષ ગિલિટવાળા ૧૯૯૨ મતે જીત મેળવવામાં સફળ રહ્યા હતા. ખત્રી મતદારોમાં વિભાજનના કારણે તેમની જીત થઈ હતી. સુરત પૂર્વ સિટ જીતવા માટે શહેર કોંગ્રેસે આ વખતે શહેરમાં અન્ય ૧૧ બેઠકો ઉપર ઓછું ધ્યાન આપ્યું છે. પક્ષના એક કાર્યકરનું કહેવું છે કે અહીં જીત મેળવવા માટે ઘણા પ્રાયાસો કરવામાં આવી રહ્યા છે. કોંગ્રેસના શહેર એકમના એક વર્ગના લોકો પીરઝાદાની જીતની ખાતરી કરવા મથામણ કરી રહ્યા છે. સુરત પૂર્વની બેઠક ઉપર ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધી સ્પર્ધા છે પરંતુ અહીં અન્ય રાજકીય પક્ષોના ઉમેદવારો પણ મોટા પક્ષોના મતમાં ગાબડા પાડવા માટે ગણતરી કરી રહ્યા છે. રણજીત ગિલિટવાળા અને કાદિર પીરઝાદા વચ્ચે અહીં સીધી સ્પર્ધા થશે અને આ બંનેમાંથી કોઈ એક બાજી મારશે. અન્ય પક્ષોની ગણતરી ખૂબ ઓછી દેખાઈ રહી છે.





## ગાંધીનગર (ઉ) વિધાનસભા મત વિસ્તારમાં ઉમેદવારોએ પ્રચાર વેગીલો કર્યો

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના બીજા તબક્કાના મતદાનને હવે આઠ જ દિવસ બાકી રહ્યા છે ત્યારે ગાંધીનગર ઉત્તર વિધાનસભા મતવિસ્તારમાં મુખ્ય ત્રણ પાર્ટીના ઉમેદવારો દ્વારા પ્રચાર પડઘમનો ધમધમાટ પૂરજોષમાં વેગવંતો બનાવી રહ્યા છે. આજ રોજ ભાજપના ઉમેદવાર અશોકભાઈ પટેલ દ્વારા સેકટર-૫, ૩, ૬, ૭, ૮ અને ૯માં પ્રચાર કરવામાં આવ્યો હતો. બીજી તરફ કોંગ્રેસના ઉમેદવાર સુરેશભાઈ પટેલ દ્વારા સેકટર-૨૦, ૩૦, ૨૯, ૨૩, ૨૮, ૨૭, ૨૬, ગોકુળપુરા, ૨૫, ૨૪ માં પોતાનો પ્રચાર કરવામાં આવ્યો હતો. તેની સાથે સાથે ગુજરાત પરિવર્તન પાર્ટીના ઉમેદવાર એમ.આર. પટેલ દ્વારા પણ ગાંધીનગરમાં પ્રચાર કરવામાં આવ્યો હતો. સાથો સાથ અપક્ષ ઉમેદવારો દ્વારા પણ શહેરી વિસ્તારમાં પોતપોતાનો પ્રચાર કરવામાં આવ્યો હતો.

# રાજકારણીઓ ક્યારેય સત્ય બોલતા નથી - જે કંઈ બોલે તે એમનું 'અનુકૂળ સત્ય' હોય છે

## ચૂંટણી ચક્રવ્યૂહ

- યુયુત્સુ દેસાઈ

જેમ જેમ ચૂંટણીની તારીખો ઢૂંકડી આવતી જાય છે તેમ તેમ ચૂંટણી પ્રચાર વેગીલો બનતો જાય છે. મોદીની થ્રી-ડી જાહેરસભાઓમાં પાંખી હાજરી રહેતી હતી પરંતુ એમને પ્રત્યક્ષ જોવા - સાંભળવાનો મોહ હજી અકબંધ રહેવા પામ્યો છે. સોનિયા ગાંધીની જાહેરસભાઓ ચિક્કાર જાય છે, કારણ કે એ દેશનાં જ નહીં, દુનિયાનાં 'સેલિબ્રિટી લીડર' તરીકેની વિશ્વ વ્યાપી ખ્યાતિ ધરાવે છે. શરૂઆતનાં વર્ષઓમાં હિદી બોલતાં ખચકાટ અનુભવતાં સોનિયાજી આટલાં વર્ષોના અનુભવ પથી પ્રાંજલ સાહિત્યિક હિંદીમાં ભાષણ કરી શકે છે. ભારતનું નેતૃત્વ કરવા માટે ભારતની ભાષા આવડવી જરૂરી છે. સોનિયાનું ગોત્ર ઈટાલીનું છે, તેથી દેખીતું છે કે એમને ભારતીય ભાષાના ઉચ્ચારો અઘરા લાગે. પરંતુ કાળા માથાના માનવી માટે આ દુનિયામાં કશું 'અશક્ય' નથી. સોનિયા ગાંધીએ આ વાત પુરવાર કરી બતાવી છે. નરેન્દ્ર મોદી પાસે કુદરતી વાક્છટા છે પરંતુ એમની પાસે સોનિયાની શાલીનતાનો સદંતર અભાવ છે. તેઓ તીખા અને તોછડા કટાક્ષો કરી સામે બેઠેલા લોકોનું સભારંજન તો કરી શકે છે પણ એમના વાણીવિલાસથી ક્યારેક ખુદ એમને પોતાને જ નુકશાન પણ કરી બેસે છે. એમનામાં પરિસ્થિતિનો લાભ ઉઠાવવાની બિરબલ-ચતુરાઈ છે, એથી વખત પૂરતી તાળીઓ જરૂર પડે પરંતુ એ તાળીઓ મતમાં ફેરવાશે કે કેમ એ તો મતપેટીઓ જાણે! શ્રોતાઓ અગાઉની જેમ એમની બધી વાતોને સાચી માની લેવા તૈયાર નથી. એમનામાં પણ ઈશ્વરે થોડી ઘણી સમજશક્તિ તો મૂકેલી છે.




**મોદીએ ગુજરાતનું કલ્યાણ કરી દીધું છે,' એને સ્વર્ગ બનાવી દીધું છે, એ મોદી અને ભાજપનું અનુકૂળ સત્ય છે, હકીકતમાં એ પણ અર્ધસત્ય છે**

મહાભારતમાં યુધિષ્ઠિર જેવા ધર્મરાજાને અર્ધસત્ય બોલવાની ફરજ પડી હતી. ગુરૂદ્રોણને યુદ્ધના મેદાનમાંથી હટાવવા માટે પેલો અશ્વસ્થામા નામનો હાથી હણાયો ત્યારે એમની પાંડવસેનાએ અશ્વસ્થામા હણાયો, અશ્વસ્થામા હણાયોની બૂમરાણ મચાવી મૂકી. દ્રોણાચાર્ય માટ પુત્ર અશ્વસ્થામા તો જીવથીય વહાલો. એ દ્વિધામાં પડી ગયા. શું ખરેખર અશ્વસ્થામા હણાયો? જો અશ્વસ્થામા મરાયો હોય તો હવે મારે આ દુનિયામાં કોના માટે જીવવાનું? એમણે ચારેકોરથી અશ્વસ્થામા હણાયો હોવાનો હોબાળો સાંભળ્યો ત્યારે એ સમાચારની ખરાઈ કરવા માટે યુધિષ્ઠિરને પૂછી લેવાનો વિકલ્પ વિચાર્યો. યુધિષ્ઠિર સત્યવાદી હોઈ ક્યારેય જૂઠું ન બોલે, એવી એમને શ્રદ્ધા હતી. પરંતુ અહીં જ સત્યવાદી યુધિષ્ઠિરનું પાણી મપાઈ ગયું. એમને તો યુદ્ધ જીતવું હતું. પાંડવસેનાએ ચગાવેલા ગુબારાનો ભંડો ફૂટી જાય તો દ્રોણ બમણી તાકાતથી યુદ્ધરત બની જશે એવી ધાકમાં ને ધાકમાં યુધિષ્ઠિરે કુનેહભર્યો ઉત્તર આપ્યો. 'અશ્વસ્થામા હતઃ ।'- અશ્વસ્થામા હણાઈ ચૂક્યો છે. પછી ધીમે રહી હોઠ ફફડાવ્યા. 'નરો વા કુંજરો વા ।' અશ્વસ્થામા નામનો માણસ માર્યો હોય કાં તો હાથી : કોઈ એક અશ્વસ્થામા જરૂર મરાયો છે. ગુરૂદ્રોણને ન સંભળાય એટલી ચતુરાઈ પૂર્વક બોલાયેલા એ શબ્દો યુધિષ્ઠિરે પોતાના આત્મસંતોષ ખાતર મનોમન ઉચ્ચાર્ય હતા. પરંતુ દ્રોણ માટે એમના વિધાનનો પૂર્વ ભાગ જ પૂરતો હતો. દ્રોણે શસ્ત્રો ત્યજી દીધાં અને એમનું વેર વાળવા તત્પર ધૃષ્ટદ્યુમ્ને એ તક જોઈ એમનો શિરચ્છેદ કરી દીધો.

આ 'અર્ધ સત્ય' એ રાજકારણીઓનું ઓળખ ચિહ્ન બની રહ્યું છે. કોઈ રાજકારણી કયારેય પૂરેપૂરું- અણિશુદ્ધ સત્ય ઉચ્ચારતો નથી હોતો. એ એને અનુકૂળ એવું સત્ય રજૂ કરતો હોય છે. 'મોદીએ વિકાસ કર્યો જ નથી' એ સોનિયા ગાંધીનું અને કોગ્રેંસ પક્ષનું સત્ય હોઈ શકે છે. પરંતુ પ્રજા માટે એ 'અર્ધ સત્ય' છે. 'મોદીએ ગુજરાતનું કલ્યાણ કરી દીધું છે,' એને સ્વર્ગ બનાવી દીધું છે. એ મોદી અને ભાજપનું અનુકૂળ સત્ય છે. હકીકતમાં એ પણ અર્ધસત્ય છે. સોનિયા ગાંધીના 'અર્ધસત્ય જેવું - બલકે એથી સવાયું 'અર્ધસત્ય છે.' આપણી સૌથી મોટી કમનસીબી અને આપણા નેતાઓનો સૌથી મોટો દુર્ગુણ હોય તો તે છે આત્મશ્લાઘા. પોતાનાં જ વખાણ કર્યા કરવાનાં, પોતે જ સાચાસામો માણસ બિલકુલ ખોટો. એની બધી જ વાતો જૂઠ્ઠી. સાચવજો, છેતરાઈ ન જતા! - આ પ્રકારનો અભિગમ અપનાવી રાજકીય પક્ષો હકીકતમાં તો પ્રજા સાથે છેતરપિંડીની જ ક્રૂર રમત રમતાં હોય છે. એકમેક વિરુદ્ધ બેફામ આક્ષેપબાજી કર્યા પછી પાછા ચૂંટાઈને ધારાગૃહમાં બેસે છે ત્યારે એકબીજાનાં કેવા ઓવરણાં લેતાં હોય છે. એ શું અજાણ્યું છે?

**નરેન્દ્ર મોદી પાસે કુદરતી વાક્છટા છે પરંતુ એમની પાસે સોનિયાની શાલીનતાનો સદંતર અભાવ છે, તેઓ તીખા અને તોછડા કટાક્ષો કરી સામે બેઠેલા લોકોનું સભારંજન તો કરી શકે છે પણ એમના વાણીવિલાસથી ક્યારેક ખુદ એમને પોતાને જ નુકશાન પણ કરી બેસે છે; એમનામાં પરિસ્થિતિનો લાભ ઉઠાવવાની બિરબલ-ચતુરાઈ છે, એથી વખત પૂરતી તાળીઓ જરૂર પડે પરંતુ એ તાળીઓ મતમાં ફેરવાશે કે કેમ એ તો મતપેટીઓ જાણે !**

પ્રજા સાથે ની આ છેતરપિંડી નેતાઓને કોઠે પડી ગઈ છે. તો સામે પ્રજાએ પણ એમને 'પારખી' લીધા છે. રાજકારણીઓ વિશે પ્રજામાં કશો આદરભાવ નથી બચ્યો. આઝાદીની ચળવળ સાથે સંકળાયેલા આગેવાનો તરફ પ્રજાને પૂજ્યભાવ હતો, શરૂઆતનાં વર્ષો દરમિયાન નેતૃત્વ કરનારી જૂની પેઢીના નેતાઓ પ્રત્યે પૂરતો આદરભાવ હતો. છેલ્લા કેટલાક દાયકાઓ દરમિયાન એ આદરભાવમાં ભારે ઓટ અને ખોટ વરતાતી રહી છે. ઇંદિરા ગાંધીએ દેશનાં ગરીબો માટે કામ કર્યું અને પાકિસ્તાન સામેનાં યુધ્ધમાં દેશનો ડંકો વગાડી દીધો, એ મુદ્દે દેશ



**'મોદીએ વિકાસ કર્યો જ નથી' એ સોનિયા ગાંધીનું અને કોગ્રેંસ પક્ષનું સત્ય હોઈ શકે છે, પરંતુ પ્રજા માટે એ 'અર્ધ સત્ય' છે; સોનિયા ગાંધીના 'અર્ધસત્ય જેવું - બલકે એથી સવાયું**

એમને જરૂર વંદન કરશે; પરંતુ એમના જ સમયમાં ભ્રષ્ટાચારનું ભોરિંગનો જન્મ થયો હતો અને એમણે એકહથ્થુ શાસન સામેનો પડકાર ઊભો થતાં લોકશાહીના ગળે ટૂંપો દેવાનો પ્રયાસ કર્યો હતો, એ પણ એક ઐતિહાસિક સત્ય છે, એમણે જ ભિંડરાવાંલે જેનો જીન પેદા કર્યો અને પછી પોતે ફસાતાં લાગ્યાં ત્યારે એ જીનને બોટલમાં પૂરવાની કોશિશ કરી અને પોતાનો જ વિનાશ નોતરી બેઠાં.

અટલબિહારી વાજયેપીએ પ્રામાણિક રાષ્ટ્રનેતા તરીકેની ઇમેજ ઉપસાવી હતી પરંતુ 'કારગિલ' એમની વધુ પડતી ઉદાત્તવૃત્તિનું જ પરિણામ હતું. એમનાં જ વખતમાં વિદેશમંત્રીને ખૂંખાર આતંકવાદીઓને વિમાનમાં બેસાડી કાબુલ વળાવવા જવું પડ્યું હતું. ગુજરાતમાં ઐતિહાસિક કોમી રમખાણો થયાં અને પોતે 'રાજધર્મ'ને અનુસરતાં વડાપ્રધાન એમના એક મુખ્યમંત્રીને 'રાજધર્મ'નો ફક્ત ઉપદેશ આપીન ચૂપ થઇ ગયા. અડવાણીએ એમની મહત્ત્વાકાંક્ષા પાર પાડવા માટે ઉછેરેલાં વછેરા એમની જ સામે ફૂંફાડા મારતા થઇ ગયાં ! સ્વાર્થ કેન્દ્રી રાજકારણમાં મૂલ્યો હરહંમેશાં નેવે મુકાઇ જતાં હોય છે. આંબેડકર, ભગતસિંહ, સુભાષચંદ્ર બોઝ અને સરદાર પટેલ જેવા નેતાઓ કે જેમને ક્યારેક ગાંધીએતો ક્યારેક પંડિત નહેરૂએ જાણ્યે અજાણ્યે અન્યાય કર્યો હતો - એ પછીથી રાજકારમમાં પ્રવેશેલા જનસંઘ માટે અને એના નવા અવતાર સમા ભાજપ માટે કોંગ્રેસ સામે લડવા માટેનાં હથિયાર બની ગયા છે. માયાવતી અને કાંશીરામે આંબેડકરનો મુદ્દો ઉઠાવી ગાંધીને ભાંડવાનું ચાલું ક્યું અને ભાજપ સરદાર પટેલના ખભે ચડીને કોંગ્રેસ સામે ભડાકા કર્યા! હકીકતમાં આ પ્રકારનું રાજકારણ ઘણું હીન પ્રકારનું રાજકારણ ગણાવું જોઇએ. જે નેતા હયાત નથી, એના નામે વર્ષો પછી એના સમકાલીનો વિરૂધ્ધ ઝુંબેશ ચલાવવામાં વળી કઇ નૈતિકતા છે? સરદાર પટેલે જ ક્યારેક ગાંધી હત્યામાં સંડોવણીના મુદ્દે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘને પ્રતિબંધિત કર્યો હતો. શું સરદાર પટેલ જીવતા હોત તો એમણે ચીમનભાઇ પટેલને કે નરેન્દ્ર મોદીને એમનાં રાજકીય હેતુ પાર પાડવા માટે પોતાનું નામ વાપરવા દીધું હોત? શું આંબેડકરે હિંદુત્વવાદી ભાજપનું ક્યારેય સમર્થન કર્યું હોત ખરૂં? એમણે તો દલિતોને સાગમટે વર્ણાશ્રમમાં શ્રધ્ધા ધરાવતો હિંદુ ધર્મ છોડવાની હાકલ કરેલી.

માયાવતી જે પ્રકારની મૂલ્યહીન રાજરમત રમીને પોતાની સામેનાં ભ્રષ્ટાચાર સંબંધી કેસોની તપાસમાં ઢીલું સંકેલવામાં ફરે છે, તે આંબેડકરને ક્યારેય ગમ્યું હોત ખરૂં? બલકે શું પંડિત નહેરૂ સ્વપ્ને પણ પોતાની ઇટાલિયન દૌહિત્રવધૂ આ દેશનાં રાજકારણમાં ખાબકે એવું ઇચ્છત ખરા? આ તમામ સવાલો પ્રજાએ પોતાના પંડને પૂછવા જેવા છે. ભાજપનું વર્તમાન રાજકારણ શું દીનદયાલ ઉપાધ્યાયની વિચારધારા મુજબનું, મૂલ્યોને વરેલું રાજકારણ રહ્યું છે ખરૂં? અને શું લોહિયાના સમાજવાદનો પડછાયો સુધ્ધાં મુલાયમસિંહના કુટુંબકારણમાં દેખાય છે તમને? લાલુ યાદવ તો જયપ્રકાશ નારાયણની ચળવળની સરજત હતા : એમનામાં જે.પી.નું રૂંવાડુંય વરતા છે ખરૂં? આપણા રાજકારણનો શતમુખ વિનિપાત થયો છે, તે શું દીવાલ પર લખેલું વાસ્તવિક સત્ય નથી? - ચાલો, આત્મનિરીક્ષણ કરીએ અને જાતને સુધારવાનો સંકલ્પ કરીએ. સુધરવા માટે ક્યારેય બહુ મોડું થઇ ગયું હોતું નથી...